# તલોદ-પ્રાંતિજ તાલુકા ક્ષત્રિય સમાજનુ દ્વિતીય સ્નેહમિલન તથા સન્માન સમારંભ યોજાયો





તલોદ, તા. ૩૧

તા. ૨૯-૧૨-૧૯ના રોજ સવારે ૯ કલાકે તલોદ મુકામે પાટીદાર બોર્ડિંગમાં ક્ષત્રિય સમાજનું સ્નેહમિલન યોજવામાં આવ્યું હતું. જેમાં સમાજના ક્લાસ-૧, ક્લાસ-૨ અધિકારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. ધો. ૧૦ તથા ધો. ૧૨ના ૭૫ ટકા ધરાવતા તેજસ્વિ તારલાઓનું સન્માન કરવામાં આવ્યુ હતુ.

તાજેતરમાં સરકારી નોકરીમાં જોડાયેલા કર્મચારીઓને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. નેશનલ સ્પર્ધામાં ભાગ લીધેલા ખેલાડીઓને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા.

પ્રોગ્રામની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી તેમજ રાષ્ટ્રગીત (દેશભક્તિ)ગીત પણ બાળાઓએ રજુ કર્યુ હતુ. ક્ષત્રિય યુવક વિકાસ મંડળના સંયોજક પ્રો. રંગુસિંહ બી. સોલંકીએ મહેમાનોનો પરિચય તથા સ્વાગત પ્રવચન કર્યુ હતુ.

આ પ્રસંગે જિલ્લા શિક્ષણાધિકારી પાટણ અર્જુનસિંહ ઝાલા, પોલીસ ઈન્સ્પેક્ટર જુનાગઢ કિસ્મતસિંહ કે. ઝાલા, મામલતદાર ધનસુરા ચેતનસિંહ ઝાલા, મેડિકલ ઓફિસર અમદાવાદ ડૉ. હિરેન મકવાણા, પ્રોફેસર મોડાસા રાજેન્દ્રસિંહ પરમાર વગેરે અધિકારીઓ હાજર રહ્યા હતા અને સમાજ તથા શિક્ષણને વેગ આપવા માટે વિચારો રજુ કર્યા હતા.

# કિશનગઢ નવચેતન હાઈસ્કુલનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો



ભિલોડા,તા.૩૧

ભિલોડા તાલુકાના કિશનગઢ ગામની શ્રી નવચેતન હાઈસ્કુલનો શૈક્ષણિક પ્રવાસ કાર્યક્રમ દરમ્યાન મહારાષ્ટ્ર દર્શનનો શૈક્ષણિક પ્રવાસ ઉત્સાહભેર યોજાયો હતો.શૈક્ષણિક પ્રવાસ દરમ્યાન વિદ્યાર્થીઓએ ડાકોર,પાવાગઢ,સાપુતારા,નાશિક,ત્રમ્બકેશ્વર,શેરડી,ધુશમેશ્વર, સ્ટેચ્યું ઓફ યુનિટી,સરદાર સરોવર સહિત વિવિધ જોવા લાયક સ્થળોની ઉત્સાહભેર મુલાકાત લઈ વિદ્યાર્થીઓ શૈક્ષણિક પ્રવાસ દરમ્યાન જ્ઞાનસભર વિવિધ સ્થળો વિશેની જાણકારી મેળવી હતી.૫૩ વિદ્યાર્થીઓએ શૈક્ષણિક પ્રવાસનો આનંદ લીધો હતો.આચાર્ય હિંમતસિંહ એન.સિસોદીયાના માર્ગદર્શન હેઠળ શૈક્ષણિક પ્રવાસનું સફળ આયોજન કરાયું હતું.

# અરવલ્લી જિલ્લા પ્રા.શિ. સંઘની ઉપપ્રમુખની ચૂંટણીમાં અનિલભાઈ પટેલનો ૧૭૩૪ મતે વિજય

મોડાસા, તા. ૩૧

અરવલ્લી જિલ્લા પ્રા.શિ. સંઘની ઉપપ્રમુખની ચૂંટણીમાં અનિલભાઈ પટેલ (ધનસુરા)નો ૧૭૩૪ની લીડ સાથે વિજય થયો હતો. જ્યારે મહામંત્રી પદની ચૂંટણીમાં આશિષભાઈ પટેલની ૩૫૯ મતે વિજય થયો હતો. આ અગાઉ પ્રમુખ પદે હસમુખભાઈ પટેલની બિનહરીફ વરણી થઈ હતી. જ્યારે ઉપપ્રમુખ અને મહામંત્રીના પદ માટે ચૂંટણી યોજાઈ હતી. અગાઉ યોજાયેલી ચૂંટણી રદ થતા ફરી ચૂંટણી યોજાઈ હતી. જેમાં



શનિવારના રોજ જિલ્લામાં તમામ તાલુકાઓમાં ૧૨ બુથો પર મતદાન યોજાયુ હતુ. જેની મતગણતરી મેઘરજ ખાતે યોજવામાં આવી હતી. જેમાં અનિલભાઈ પટેલનો ઉપપ્રમુખ પદે અને આશિષભાઈ પટેલનો મહામંત્રી પદે વિજય થયો હતો.

# આદિવાસી ડુંગરી ગરાસિયા જનરલ પંચે અરવલ્લી કલેક્ટરને આવેદનપત્ર આપ્યુ

## ગેરબંધારણીય રીતે અનુ. જનજાતિ પ્રમાણપત્ર સાચા ઠેરવવાના પ્રયત્નનો વિરોધ



મોડાસા, તા. ૩૧

અરવલ્લી-સાબરકાંઠા આદિવાસી ડુંગરી ગરાસિયા જનરલ પંચે ગેર બંધારણીય રીતે અનુસૂચિત જનજાતિના મેળવેલ ખોટા પ્રમાણપત્ર સાચા ઠરાવવા માટે સૌરાષ્ટ્ર અને મહીસાગર જીલ્લામાં કેટલાક વિસ્તારોમાં એક સમુદાય દ્વારા થઈ રહેલા આંદોલન અંગે રાજ્યપાલને ઉદ્દેશીને લખેલ આવેદનપત્ર અરવલ્લી જીલ્લા કલેકટરને આપી ન્યાયની માંગ કરી હતી.

અરવલ્લી જીલ્લા કલેકટર અમૃત્તેશ ઔરંગાબાદકરને આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે હાલમાં જાતિના ખોટા પ્રમાણપત્રો ન આપવા અંગેનો રાજ્ય સરકારનો નવો કાયદો અમલમાં છે અને જેમણે ખોટા પ્રમાણપત્રો ભૂતકાળમાં લીધેલ છે તે પ્રમાણપત્રોની ચકાસણી કરી નોકરીની આખરી નિમણૂંક માટે વિશ્લેષણ સમિતિ આવા ખોટા પ્રમાણપત્રોની ચકાસણી કરી રહેલ છે. આ ચકાસણી બાબતે ગેર બંધારણીય રીતે નિમણુંક આપવા માટે સૌરાષ્ટ્રમાં કેટલાક સમાચાર માધ્યમોમાં રબારી સમાજ દ્વારા રેલીઓ, સભાઓ કરી આવેદન પત્રો આપી સમાચારો વહેતા કરવામાં આવેલ છે અને સરકાર ઉપર દબાણ લાવી રહેલ છે. વધુમાં મહિસાગર જીલ્લાના ખાનપુર તાલુકામાં વસતા બક્ષીપંચ સમાજના લોકો આદિવાસી અંગેનું પ્રમાણપત્ર મેળવવા માટે તજવીજ કરી રહેલ છે. ખરેખર આ લોકો બક્ષીપંચના છે જેથી આદિવાસી અંગેના ખોટા પ્રમાણપત્રો ન અપાય તેની પણ તકેદારી રાખવા વિનંતી છે. આવા ખોટા આવેદનપત્રોથી દબાણને વશ થયા વગર અનુસૂચિત જનજાતિઓના ખોટા પ્રમાણપત્ર અંગેના કાયદાનો ઘનિષ્ટ અમલ થાય તે જોવા નમ્ર વિનંતી છે. વધુમાં અમો ગુજરાતના સાચા અનુસૂચિત જનજાતિના આદિવાસી સમાજના લોકો આ બાબતે સરકારના નિર્ણયો ઉપર ચાપતી નજર રાખી રહ્યા છીએ. તેથી બંધારણીય રીતે યથાર્થ નિર્ણય લેવા વિનંતી કરીએ છીએ અને તેમાં ચૂંક જણાશે તો અમારા બંધારણીય હકોના રક્ષણ માટે આંદોલન કરવાની ફરજ પડશેની ચીમકી ઉચ્ચારી હતી.

# શામળાજી કોલેજનું ''રિપબ્લિક ડે પરેડ-૨૦૨૦'' દિલ્હી ખાતે પ્રતિનિધિત્વ

શામળાજી, તા. ૩૧

પ્રતિ વર્ષ ભારત સરકાર દ્વારા ''રિપબ્લિક ડે પરેડ''ની દબદબાભેર દિલ્હી મુકામે ઉજવણી થાય છે. જેમાં સમગ્ર ભારત વર્ષમાંથી ચુનંદા એનએસએસ/એનસીસીના વિદ્યાર્થીઓ ઉપરાંત સક્રિય ભૂમિકા ભજવનાર અધ્યાપકોની પસંદગી થતી હોય છે. તાજેતરમાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી પાટણ દ્વારા વેસ્ટ ઝોનમાંથી ઉમદા-શ્રેષ્ઠ ભૂમિકા ભજવવા બદલ આદિવાસી કોલેજ એવી કલજીભાઈ.આર. કટારા આર્ટ્સ કોલેજ શામળાજીના એનએસએસ પ્રોગ્રામ ઓફિસર ડૉ. જાગૃતિબેન પટેલની સમગ્ર ગુજરાતમાંથી ૧૨ સ્વયં સેવકો સાથે સદર રિપબ્લિક ડે પરેડ-૨૦૨૦ (તા. ૧-૧-૨૦૨૦થી ૩૦-૧-૨૦૨૦) દિલ્હી મુકામે હાજર રહી નોર્થ ઝોનનું પ્રતિનિધિત્વ કરવાની તક સાંપડી છે. જે કોલેજ ઉપરાંત સમગ્ર શામળાજી પંથક અને ગુજરાત માટે ગૌરવની બાબત છે. જેમાં વિવિધ સાંસ્કુતિક કાર્યકર્મો ઉપરાંત તા.૨૬-૧-૨૦૨૦ બાદ વડાપ્રધાન તેમજ રાષ્ટ્રપતિશ્રી સાથેની ખાસ મુકાલાતનો લ્હાવો તેમજ ગુજરાત તરફ ફરતા તરતજ રાજ્યપાલ સાથેની મુલાકાતનો લ્હાવો મળનાર છે.

આવા ગૌરવનો પળો માણવા તથા સમગ્ર કોલેજ તેમજ ઝોનનું નામ રોશન કરવા જઈ રહેલા પ્રોગ્રામ ઓફિસર ડૉ.જાગૃતિબેન પટેલને કોલેજના પ્રિન્સીપાલ ડૉ.એ.કે. પટેલ, કેળવણી મંડળના મંત્રી દિલીપભાઈ કટારા, આદિવાસી ડુંગરી ગરાસીયા સમાજના મહેશભાઈ ભગોરા, નિવૃત્ત જીલ્લા શિક્ષણાધિકારી કે.એમ. વરસાત ઉપરાંત આર્ટ્સ, બી.એડ તેમજ નર્સિંગ કોલેજના સમગ્ર સ્ટાફે પુષ્પગુચ્છ, શ્રીફળથી શુભકામનાઓ પાઠવી તેમની દિલ્હી ખાતેની પરેડ ઉત્કૃષ્ઠ નીવડે તેવી ભગવાન શામળિયાને પ્રાર્થના કરી છે.

# રામનગર જે.એમ.તન્ના વિદ્યાલયમાં સુવર્ણ જયંતિ મહોત્સવ યોજાશે

ભિલોડા,તા.૩૧

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના રામનગર ગામના શ્રી દિવ્યજ્યોતિ કેળવણી મંડળ ધ્વારા સંચાલિત શેઠ શ્રી જે.એમ.તન્ના વિદ્યાલય પરીસરમાં તા.૫/૧/૨૦૨૦ ને રવિવારના રોજ સવારે ૯:૩૦ કલાકે સુવર્ણ જયંતિ મહોત્સવ દબદબાભેર યોજાશે તેમ શાળા પરીવાર અને આયોજકોએ જણાવ્યું હતું.સુવર્ણ જયંતિ મહોત્સવ કાર્યક્રમ દરમ્યાન દાતાઓનો સન્માન સમારોહ,આચાર્ય અમૃતભાઈ કે.પટેલનો વય નિવૃત્તી શુભેચ્છા સન્માન સમારંભ તેમજ કર્મચારીઓનો સન્માન સમારોહ કાર્યક્રમ પ્રસંગે રાજકીય,સામાજીક આગેવાનો,મહાનુભાવો ઉપસ્થિત રહેવાના છે.

સમારંભ અધ્યક્ષ શેઠ શ્રી હરીભાઈ વી.ચૌધરી,પ્રમુખ અખિલ આંજણા કેળવણી મંડળ,ગાંધીનગર,ઉદ્ઘાટક દિપસિંહ રાઠોડ સંસદ સભ્ય,પ્રેરણામુર્તી મોતીભાઈ એમ.પાટેલ કેળવણીકાર,ડૉ.અનિલભાઈ જોષીયારા ધારાસભ્ય સહિત અનેક રાજકીય,સામાજીક આગેવાનો ઉપસ્થિત રહેશે તેમ શ્રી દિવ્યજ્યોતિ કેળવણી મંડળ પ્રમુખ હિંમતભાઈ એમ.પટેલએ જણાવ્યું હતું.

# નવી દિલ્હીના અટલ સ્મૃતિ સમારોહમાં વિશેષ સન્માન

ડીસા, તા.૩૧

રાજધાની નવી દિલ્હી ખાતે ભારતીય બૌદ્ધ સંઘ આયોજિત રાષ્ટ્રીય અટલ સ્મૃતિ સન્માન - ૨૦૧૯ સમારોહમાં ડીસાના એડવોકેટ, મીડિયા કર્મી અને સામાજિક કાર્યકર હર્ષદકુમાર ખેમચંદભાઈ સોલંકીનું સાંસદ ડો.સત્ય નારાયણ જટીયાજીના વરદ હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.



ભારતીય બૌદ્ધ સંઘ દેશભરમાં સામાજિક, કલા, સાહિત્ય અને સંસ્કૃતિ સહિત અન્ય ક્ષેત્રોમાં રાષ્ટ્ર હિતનું કામ કરતા બુદ્ધિજીવી સાહિત્યકારો, સામાજિક કાર્યકરો અને રાજકીય આગેવાનોનું વિવિધ મહાપુરુષોની જન્મ જયંતિએ રાષ્ટ્રસ્તરે સન્માન કરી પ્રોત્સાહન પૂરું પાડે છે તે અંતર્ગત પૂર્વ વડાપ્રધાન ભારત રત્ન અટલ બિહારી બાજપાઈની જન્મજયંતિ નિમિતે દિલ્હી ખાતે સંસદ માર્ગ ઉપર આવેલ એન.ડી.એમ.સી. સભાગારમાં ૨૪ મી ડિસેમ્બરે અટલ સ્મૃતિ સન્માન સમારોહનું આયોજન કરાયું હતું જેમાં વિવિધ કાર્યકરો સાથે ડીસા માતૃછાયા પરિવારના એડવોકેટ હર્ષદકુમાર સોલંકીનું પણ મોમેન્ટો અને પ્રમાણપત્ર આપી સાંસદ ડો.સત્ય નારાયણ જટીયાજીએ વિશિષ્ટ સન્માન કર્યું હતું. તેથી તેમના શુભેચ્છક અને મિત્ર વર્તુળમાં ખુશાલી છવાઈ હતી.

આ સમારોહને સાંસદ મનોજ તિવારીએ દીપ પ્રગટાવી ખુલ્લો મુક્યો હતો.મુખ્ય મહેમાન પદે પૂર્વ કેન્દ્રીય મંત્રી મુરલી મનોહર જોષી, કેન્દ્રીય રાજ્ય મંત્રી અર્જુનરામ મેઘવાળ, વક્તા તરીકે ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ દુષ્યંતકુમાર ગૌતમજી અને સંયોજક ભારતીય બૌદ્ધ સંઘના રાષ્ટ્રીય અધ્યક્ષ ભંતે સંઘપ્રિય રાહુલજી સહિત રાજકીય આગેવાનો અને દેશભરના સાહિત્યકારો અને સામાજિક કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# મોડાસા કોલેજ રોડ પરથી જીપમાં અપહરણ થયેલી યુવતી અપહરણનો નાટ્યાત્મક અંત

## યુવતી સાથે સગાઈ તૂટતાં યુવકે કર્યું અપહરણ : દ્રશ્યો CCTV માં કેદ







મોડાસા, તા. ૩૧

અરવલ્લી જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતું ખાડે ગઈ હોય તેવું કહીએ તો પણ અતિશયોક્તિ નથી ધોળે દહાડે લૂંટ-ફાટ, ચોરી,ચેઈનસ્નેચીંગ ની ઘટનાઓ સામાન્ય બની છે મોડાસા શહેરના કોલેજ રોડ પરથી પસાર થતી બે યુવતીઓ માંથી એક યુવતીનું બોલેરો જીપમાં આવેલા બે શખ્શોએ બળજબરી પૂર્વક અપહરણ કરતા ભારે ચકચાર મચી હતી સાથે રહેલી યુવતી અને નજીકમાં રહેલા એક્ટિવા ચાલકે જીવન જોખમે યુવતીને બચાવવા ભારે પ્રયત્નો કર્યા હતા તેમ છતાં બોલેરો જીપના ચાલકે જીપ રિવર્સ લઈ અપહરણ કરી નાસી છૂટતા ભારે હોહા મચી હતી મોડાસાના જાગૃત નાગરિકો અને પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી પોલીસે અપહરણ થયેલી યુવતીને છોડાવવા વિવિધ ટિમો સાથે હરકતમાં આવી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ, મંગળવારે સવારે ૭:૩૫ વાગે માલપુર તાલુકાના લીંબોદરા ગામની અને મોડાસા કોમર્સ કોલેજમાં એમ.કોમ માં અભ્યાસ કરતી યુવતીનું કોલેજ રોડ પર આવેલી રોડ ટ્રાન્સપોર્ટ ઓફિસ આગળથી બોલેરો કારમાંથી એક મહિલા ઉતર્યા પછી બે શખ્શોએ યુવતીનું અપહરણ કરતા રોડ પર સાથે રહેલી યુવતીની બહેનપણીએ યુવતીને બચાવવા ભારે પ્રયત્નો કર્યા હતા અને પકડી રાખી હતી પરંતુ અપહરણકારોએ યુવતીને ધક્કો મારી પાડી દીધી હતી અન્ય એક એક્ટિવા ચાલકે પણ બોલેરો જીપ વચ્ચે એક્ટિવા આડું કરી દેતા બોલેરો જીપનો ચાલક જીપ રિવર્સ લઈ ધનસુરા રોડ તરફ નાસી છૂટ્યા હતા બોલેરો જીપમાં અપહરણ કરનાર બે શખ્શમાંથી એક યુવકની અગાઉ આ યુવતી સાથે સગાઈ થયા પછી તૂટી જતા યુવતીના પ્રેમમાં પાગલ બનેલ યુવકનો મોહભંગ થતા યુવતીનું અપહરણ કરી તેના પુજારાની મુવાડી ગામે લઈ ગયો હોવાની માહિતી પ્રાપ્ત થતા માલપુર પોલીસે અપહરણકર્તા યુવકના ઘરે પહોંચી યુવતીને હેમખેમ છોડાવી માલપુર પોલીસે મોડાસા ટાઉન પોલીસને સુપ્રત કરતા મોડાસા પોલીસે યુવતની ફરિયાદ નોંધવા તજવીજ હાથધરી હતી.

મોડાસા કોલેજ રોડ પરથી અપહરણ થયેલ યુવતીનો છુટકારો થતા યુવતીના પરિવારજનો, પોલીસતંત્ર અને શહેરના નગરજનોએ પણ હાશકારો અનુભવ્યો હતો મોડાસા ટાઉન પોલીસે અજાણયા ત્રણ અપહરણકારો સામે ગુન્હો નોંધી ઝડપી પાડવા કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

# ભિલોડા કોટેઝ હોસ્પિટલ આર. એમ. ઓ. ઓફીસરનો વય નિવૃત્તિનો વિદાય સમારંભ યોજાયો









ભિલોડા,તા.૩૧

ભિલોડા કોટેઝ હોસ્પિટલના આર.એમ.ઓ. ઓફીસર ડૉ.દિનેશભાઈ મધુકરનો વય નિવૃત્તીનો વિદાય સમારંભ સન્માનભેર યોજાયો હતો.

વય નિવૃત્ત ઓફીસરનો શ્રીફળ આપી,મોમેન્ટો આપી,શાલ ઓઢાડી સન્માનભેર વિદાય અપાઈ હતી.કોટેઝ હોસ્પિટલ અધિક્ષક ડૉ.દિનેશભાઈ ડામોર, નર્સિંગ સ્કુલ પ્રિન્સિપાલ શંકુતલાબેન શર્મા, ડૉ.નેહાબેન શેઠ, ડૉ.પ્રિયંકાબેન જોષીયારા, જયંતીભાઈ શર્મા, હબીબભાઈ મનસુરી, કોટેઝ હોસ્પિટલનો સ્ટાફ પરીવાર હાજર રહ્યો હતો.

ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા પ્રમુખ મુકેશભાઈ પંચાલ, મંત્રી ચંદ્રકાંતભાઈ પટેલ, જગદીશભાઈ પટેલ, હર્ષદભાઈ સોની, રામ અવતાર શર્મા,ભરતભાઈ પ્રજાપતિએ આર. એમ. ઓ. ઓફીસરને શાલ ઓઢાડીને સન્માન કર્યું હતું.આર.એમ.ઓ.એ બેટી બચાવો અભિયાન અંતર્ગત રૂા.૫૦૦૦/- નું દાન ભારત વિકાસ પરીષદ શાખાને આપતા આનંદની લાગણી પ્રસરી હતી.

ભિલોડા ઉદય સેવા સંસ્થાનના જીતુભાઈ ભાટીયા,બિપીનભાઈ પ્રજાપતિ,રાજેશભાઈ પટેલ,કોટેઝ હોસ્પિટલનો સ્ટાફ પરીવાર, વિદ્યાર્થીનીઓની ઉપસ્થિતીમાં વય નિવૃત્ત આર.એમ. ઓ. ઓફીસરનો વિદાય સમારંભ યોજાયો હતો.

# સુરત ખાતે પરિવાર સાથે રહેતા શૈલેશ પુરોહિત ગુમ થતા પરિવારની હાલત બની કફોડી

**સુરત ખાતે પરિવાર સાથે રહેતા શૈલેશ પુરોહિત ગુમ થતા પરિવાર ની હાલત બની કફોડી નાનો પુત્ર અને પત્ની ચોધાર આંસુઓ સાથે જોઈ રહ્યા છે રાહ...જુઓ અમારો વિશેષ અહેવાલ...ઘર કબ આવોગે...**

પાલનપુર, તા. ૩૧

સુરત ખાતે ડાયમંડ માં નોકરી કરતા શૈલેશ પુરોહિત પત્ની સપના બેન અને પુત્ર અંશ સાથે સુરત ખાતે રહેતા હતા સમી સાંજે સસરા સાથે બહાર નીકળ્યા હતા હું પેટ્રોલ નખાવી ને આવું છે તેમ કહી પોતાના સસરા થી અલગ પડ્યા હતા જે આજે સાત મહિના થવા આવ્યા હોવા છતાં પરત આવ્યા નથી જો કે ગુમ થયા ની ફરિયાદ પણ સુરત ના અમરોલી પોલીસ મથકે નોંધાઇ છે પણ કઈ ભાળ ન મળતા પરિવાર પર આભ તૂટી પડ્યું છે..વધુ માં વાત કરવામાં આવે તો પતિ ગુમ થતા સપના અને તેના લાડકવાય પુત્ર ની હાલત કફોડી બની ગઈ છે બન્ને પરિવાર આજે ગુમ થયેલ શૈલેશ ને શોધવા આકાશ પાતલ એક કરી દીધું છે..અશ અને સપના નું રુદન પરિવાર ને હચમચાવી નાખે



છે ત્યારે સપના ને પરિવાર સાંત્વના આપવાનો પ્રયત્ન કરી રહ્યો છે પણ પતિ વગર સુ વિતતું હોય એ તો સપના જ જાણે છે ગુજરાત સરકાર સલામતી ના દાવા કરી રહી છે ત્યારે પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા છતાં પોલીસ સાત મહિના સુધી કોઈ નક્કર કડી સુધી પહોંચી નથી તો સુ આ છે સલામતી ના દાવા... સુ આ છે મહિલા ની વેદના ને વાચા આપવાની પદ્ધતિ..જે હોય તે પણ હાલ સપના પોતાના પતિ ની રાહ જોઈ ને બેઠી છે કે ક્યારે આવશે મન ન માણીગર ? આવા અનેક સવાલો સપના ની ખુલ્લી આખો સરકાર ને સવાલ પૂછી રહી છે. સંવેદનશીલ સરકાર નો દાવા કરતા નેતાઓ આ બાબતે ક્યારે અલગ અલગ ટિમો બનાવી ને તપાસ નો ધમધમાટ શરૂ કરશે એ કહેવું મુશ્કેલ છે